# સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં એસટી બસ દોડતી થઇ

## પોઇન્ટની બસ સિવાય અમદાવાદની ટ્રીપ નહીં : એસટીના મુસાફરોમાં જરૂરી નિયમોનુ પાલન થાય તેની ખાસ તકેદારી : બસોની સાથે ડેપો સંકુલને પણ સેનેટાઇઝ કરવામાં આવે છે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના માર્ગો પર હવે સલામત સવારી દોડતી થઈ ગઈ છે. જયારે હાલ પોઈન્ટની બસ સેવા સિવાય અમદાવાદની શહેરી બસ સેવા શરૂ કરવામાં આવી નથી પરંતુ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર સહીતના વિવિધ રૂટની બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. બસમાં બેસતા મુસાફરો યોગ્ય નિયમોનુ પાલન કરે તેની તકેદારી રાખવામાં આવી રહી છે જયારે આજે એસ ટી બસોની સાથે ડેપો સંકુલમાં પણ સેનેડાઈઝેશન કરાયુ હતુ.

ગાંધીનગરમાં અનલોક વનની શરૂઆતથી એસ ટી બસો દોડતી થઈ ગઈ છે. શહેરમાં દુકાનો, સરકારી કચેરીઓ સહીત વિવિધ ઉદ્યોગ ધંધા પણ શરૂ થઈ ગયા છે. જયારે વાહન વ્યવહાર સેવા પણ શરૂ કરી દેવામાં આવી



છે. જેમાં પ્રથમ તબક્કામાં સચિવાલયના કર્મચારીઓ માટે પોઈન્ટની બસ સેવા શરૂ કરવામાં આવી હતી . પરંતુ હાલ હજુ અમદાવાદ ગાંધીનગર વચ્ચેની શહેરી બસ સેવા બંધ છે. ત્યારે આ સિવાય બહારગામના રૂટની બસો પણ એસ ટી દ્વારા શરૂ કરી દેવામાં આવી છે સલામત સવારી ઉત્તર ગુજરાતના વિવિધ શહેરો ઉપરાંત સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ દોડતી થઈ ગઈ છે. જેના લીધે છેલ્લા બે મહીનાથી લોકડાઉનમાં પોતાના કામસર વતન જવા માંગતા નાગરિકોને પણ હાંશકારો થયો છે. જો કે ગાંધીનગર અમદાવાદ વચ્ચે પોઈન્ટની બસ સિવાય અન્ય કોઈ બસ શરૂ કરવામાં આવી નથી. જયારે એસ ટી બસમાં અવરજવર કરતા મુસાફરોની સંખ્યામાં પણ વધારો થયો છે. એસ ટી શરૂ થતા મુસાફરો સોશિયલ ડીસ્ટન્સીંગ, સેનેટાઈઝેશન તેમજ મ્હોં પર માસ્ક પહેરીને મુસાફરી કરતા નજરે પડે છે. એસ ટીના મુસાફરોમાં પણ કોરોના સામે લડત આપવા જાગૃતિ જોવા મળી રહી છે. બીજીતરફ એસ ટી તંત્ર દ્વારા પણ આ મામલે યોગ્ય નિયમના પાલન સાથે જરૂરી તકેદારી પણ રાખવામાં આવી રહી છે. ગાંધીનગર ડેપોમાંથી દોડતી બસોનુ પણ સેનેટાઈઝીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે આજે ડેપોમાં પણ જરૂરી સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. મુસાફરો સંક્રમણનો ભોગ ન બને તે માટે પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, આ બે આપણાં પક્ષમાં આવવા માંગે છે... અને એકદમ પાવરફુલ ઈમ્યુનીટીવાળા, કોરોના નેગેટીવ છે... હું તો કહું છું ખર્ચાનું વિચાર્યા વગર રાખી જ લો...!!

# આજે ખેડૂતોને ન્યાય આપવાની માંગ સાથે ડૉ. હિમાંશુ પટેલ પ્રતિક ઉપવાસ કરશે

ગાંધીનગર, તા. ૪

વૈશ્વિક કોરોના મહામારીમાં લોકડાઉનના પરિણામે સામાન્ય મધ્યમ વર્ગનો જીવન નિર્વાહ ચલાવવો મુશ્કેલ થઈ ગયો છે જેમાં જગતનો તાત કહેવાતો ખેડૂત વર્ગ સૌથી વધુ મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. આ સ્થિતિમાં ખેડૂતો માટે ન્યાય માંગનાર, લડત ચલાવનાર ગુજરાત કિસાન કોંગ્રેસના અધ્યક્ષ પાલભાઈ આંબલીયા પર બેરહમીપૂર્ણ અત્યાચાર કરી ઢોર માર મારનાર પોલીસ અધિકારી તેમજ જેના ઈશારે આ કૃત્ય કરવામાં આવ્યુ છે તેમની સામે તાત્કાલિક પગલાં ભરવાની માંગ સાથે આવતીકાલે તા. ૫મી જૂન શુક્રવારના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ડૉ. હિમાંશુ પટેલ ‘‘જગતતાત ડિજિટલ આંદોલન’’ અંતર્ગત એક દિવસના પ્રતિક ઉપવાસ કાર્યક્રમ ગાંધીનગર ખાતે કરવાના છે.

મોંઘા ખાતર, મોંઘુ બિયારણ, જંતુનાશક દવાઓ, મોંઘી વિજળી, સિંચાઈના મોંઘા પાણી સહિત દિવસે ને દિવસે ખેતી તેમજ ખેત પેદાશો મોંઘી થતી જાય છે. ખેડૂતોને ખેતપેદાશોના ભાવો મળતા નથી. ખેડૂતોના પ્રશ્નો માટે વહીવટીતંત્ર જાગૃત થાય, લોકતાંત્રિક રીતે ખેત પેદાશો સહિત ખેડૂતોને પડતી મુશ્કેલીમાં વહીવટીતંત્ર સંવેદનશીલ બને, ખેડૂતોને ન્યાય મળે, ખેડૂતોનું દેવુ માફ થાય, ખેત પેદાશોના ભાવો મળે, ખેડૂતોને સો ટકા પાકવીમો મળે, ખેત અને ઘરોના વિજળી બિલ માફ થાય તથા ચોમાસુ સત્ર પહેલા ખેડૂતોને બિયારણ, રસાયણિક ખાતર અને દવાઓ માટે એડવાન્સમાં આર્થિક સહાય જેવી વિવિધ માંગણીઓ સાથે ડૉ. હિમાંશુ પટેલ શુક્રવારે એક દિવસના પ્રતિક ઉપવાસ કરશે.

## ખૂણેખાંચરેથી

- ભારતીય જનતા પાર્ટી દ્વારા આ આખા માસ દરમ્યાન મોદી સરકારની બીજી ટર્મના પ્રથમ વર્ષની ઉજવણી માટે સોશિયલ મિડિયાના માધ્યમથી વિવિધ કાર્યક્રમો યોજી લોકો અને કાર્યકરો સુધી પહોંચશે.
- ગાંધીનગર શહેર પુનઃ ધમધમતુ થયુ છે પણ સ્વચ્છતાના નામે હજુ કોઈ નક્કર કાર્યવાહી તંત્ર દ્વારા ન થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.
- વિધાનસભા વિપક્ષના કાર્યાલયમાં હવાલદાર તરીકેની ફરજો બજાવતા રાજુ શાહનું કોરાનાને લઈ દુઃખદ અવસાન થતાં આજે વિધાનસભા સંકુલમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૪ કોરોનાના દર્દી વેન્ટીલેટર પર હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર મનપાની આજે મળનારી બેઠકને લઈ પાટનગરમાં રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. આ મેરેથોન બેઠકમાં મેરેથોન એજન્ડા પર ચર્ચા-વિચારણાને અંતે મંજૂરી આપવામાં આવશે.
- ગાંધીનગરમાં અનલોક-૧ ના અમલ સાથે હવે લોકો ગરમ નાસ્તા તેમજ તાજા બનાવેલા નાસ્તાને પ્રાધાન્ય આપી રહ્યા છે.
- કોવિડ-૧૯ થી જિલ્લા આરોગ્યતંત્રના ૧૩ જેટલા કોરોના-વોરિયર સંક્રમિત થયા છે.

# આનંદ મોદી દોઢ વર્ષ અગાઉ જાસપુર તળાવમાં ઓડી કાર સાથે ખાબકયા હતા

(સમીર રામી દ્વારા) ગાંધીનગર, તા.૪

બે દિવસ પહેલાં ગાંધીનગરના અંબાપુર ગામે એક મર્સીડીઝ કાર તળાવમાં ખાબકવાને કારણે એક દંપતિનું કમકમાટી ભર્યું મૃત્યુ થયું હતું તે ઘટનાએ ભારે ચકચાર જગાવી હતી. વિધિની વક્રતા એ છે કે ઘટનામાં કારચાલક મૃતક આનંદ મોદી અંદાજે દોઢ વર્ષ અગાઉ પણ આ રીતે પોતાની કાર સાથે કલોલ તાલુકાના જાસપુર ગામના તળાવમાં ખાબકયા હતા અને તે ઘટનામાં ૧૦૮ એમ્બ્યુલન્સના પાઈલોટ પ્રતિકભાઈ વ્યાસે તેમને જીવના જોખમે કારમાંથી બહાર કાઢીને બચાવ્યા હતા પરંતુ આ વખતે આનંદ મોદી એવી કોઈ મદદ મેળવવામાંથી કમનસીબ રહેવા પામ્યા અને જીવ ગુમાવવો પડયો છે.

**અંબાપુર તળાવમાં કાર સાથે ખાબકી જીવ ગુમાવનાર આનંદ મોદીનો વિચિત્ર જોગાનુજોગ : વર્ષ ૨૦૧૯ના જાન્યુઆરી માસમાં જાસપુર તળાવમાં ઓડી કાર સાથે ખાબકયા હતા ત્યારે ૧૦૮ના પાયલોટ પ્રતિક વ્યાસે તેમનો જીવ બચાવ્યો હતો**

ગત વર્ષે એટલે કે ૨૦૧૯માં જાન્યુઆરી માસના પ્રારંભે જ યાત્રાધામ બેચરાજીથી દર્શન કરીને પરત ફરી રહેલા શાહીબાગ-અમદાવાદના આનંદ મોદી પોતાની ઓડી કારમાં કલોલ તાલુકાના જાસપુર ગામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્ટીઅરીંગ પરનો કાબુ ગુમાવતા કાર તળાવમાં ખાબકી હતી. આ સમયે તેમણે કારમાંથી ૧૦૮ને ફોન કરી મદદ માંગી હતી ત્યારે ૧૦૮ના પાયલોટ પ્રતિકભાઈ વ્યાસ તેમના ઈએમટી લક્ષ્મણભાઈ સાથે સ્થળ પર ધસી ગયા હતા. પહેલા તો તેમને તળાવમાં કોઈ કાર દેખાઈ નહોતી તેથી તેમણે તળાવના ત્રણ ચાર ચકકર લગાવ્યા હતા. પરંતુ આ પછી એક અજાણ્યા રાહદારીએ પોતે કાર તળાવમાં ખાબકતાં જોઈ હોવાનું જણાવી મદદ કરી હતી. આ પછી પ્રતિકભાઈ પેલા રાહદારી તેમજ લક્ષ્મણભાઈની મદદથી પોતાની કમરે દોરડું બાંધી તળાવમાં ઉતર્યા હતા અને કારનો પાછળનો કાચ તોડી સીટબેલ્ટ કાઢીને આનંદ મોદીને બચાવ્યા હતા આ ઘટના પછીના દિવસોમાં આનંદ મોદી તથા તેમના પત્નિ ફેની મોદીએ જાતે પ્રતિકભાઈ વ્યાસના ગામ વેડા ખાતેના ઘરે જઈને જીવ બચાવવા આભાર પ્રગટ કર્યો હતો.

જો કે આ એક અનોખો જોગાનુજોગ છે કે આશરે દોઢ વર્ષ પછી ફરી એકવાર આનંદ મોદીની કાર તળાવમાં ખાબકી હતી પરંતુ આ વખતે તેમનો જીવ બચી શકે તેવી કોઈ મદદ પ્રાપ્ત થઈ શકી નહોતી વળી, આ વખતે તેમની સાથે તેમના ધર્મપત્નિ ફેની મોદીએ પણ પોતાનો જીવ ખોયો છે. ફર્ક એટલો છે કે ગત વર્ષે આનંદ મોદી પોતાની ડાર્ક બ્લુ કલરની ઓડી કાર સાથે એકલા જાસપુરના તળાવમાં ખાબકયા હતા જયારે આ વર્ષે તેઓ પોતાની સફેદ મર્સીડીઝ કારમાં પત્નિ સાથે અંબાપુરના તળાવમાં ખાબકયા હતા. કદાચ આનંદ મોદીને પાણીની ઘાત હશે જેથી ફરીવાર તળાવમાં જ પડીને તેમનું અવસાન થયું.

### આ વખતે તેમને કોઈ મદદ ના મળી તેનો અફસોસ : પાયલોટ પ્રતિક વ્યાસ

ગત વર્ષે આનંદ મોદીની કાર જાસપુરના તળાવમાં ખાબકી ત્યારે તે રસ્તો નિર્જન હોવાથી કોઈ ટોળું એકત્ર થયું નહોતું જેથી ૧૦૮ લઈને પ્રતિકભાઈ વ્યાસ જયારે ઘટના સ્થળે પહોંચ્યા અને એક અજાણ્યા રાહદારીની મદદથી તળાવમાં કાર શોધીને તેમણે રેસ્કયુ ઓપરેશન હાથ ધર્યું હતું. આ વખતે આનંદ મોદીને આવી કોઈ મદદ પ્રાપ્ત ના થતા જીવ ખોવાનો વારો આવ્યો તેનો પ્રતિકભાઈને ભારે અફસોસ થયો છે.

**NOTICE**

**Company's Name :** Vidhi Speciality Food Ingredients Ltd

**Regd. Office :** E/27, Commerce center, 78, Tardeo road, Mumbai, Maharashtra 400034

Notice is hereby given that the certificate(s) for the under mentioned securities of the Company have been lost / misplaced and the holder(s) of the said securities have applied to the Company to issue duplicate certificate(s).

Any person who has a claim in respect of the said securities should lodge claim with the company at its Registered Office within 15 days from this date, else the Company will process to issue duplicate certificate(s) without further intimation.

| Name of the Holder | Folio No. | Kind of Securities And Face Value | No. of Securities | Distinctive Numbers | Certificate Numbers |
|---|---|---|---|---|---|
| Godavariben N Patel | VY-002124 | 1 Rs | 4000 | 6276001 to 6280000 | 149 |

**Place: Gandhinagar** **Date: 4-6-2020**

